વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૧૮** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક-પ્રતિક્રમણના આધારે જવાબ લખો : ૧૫**

**ક)** આત્મા ચાર પ્રકારે અર્થ વિના દંડાય છે, તે ચાર પ્રકાર કયા ? **(૪)**
તે પ્રતિક્રમણમાં કયાં આવે છે ? (અર્થ સહિત લખો).

**જ:** ૧) અવજ્ઝાણાયરિયં - માઠું ધ્યાન (આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન) ધરવાથી, ૨) પમાયાચરિયં - પ્રમાદ કરવાથી ૩) હિંસપ્પયાણં - હિંસા થાય તેવાં શસ્ત્રો આપવાથી (ચાકુ - છરી, તલવાર, રિવોલ્વર, ભાલાં વગેરે) ૪) પાવકમ્મોવએસં :- પાપકર્મનો ઉપદેશ આપવાથી - તે આઠમા અનર્થ દડ વિરમણ વ્રતમાં આવે છે.

**ખ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો : (૫)**

| | | | **જવાબ** |
|---|---|---|---|
| ૧) | કીર્તન કર્યુ ન હોય | - | ન કિટ્ટિયં |
| ૨) | વિશેષ નિર્મળ | - | નિમ્મલયરા |
| ૩) | જમીન સંબંધી જૂઠ | - | ભોમાલિક |
| ૪) | મિષ્ટાન્નની જાત અને મર્યાદા | - | ભક્ખણ વિહિં |
| ૫) | જ્ઞાન-દર્શન-ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય | - | વાવન્ન |

**ગ) નીચેના પ્રશ્નોના જવાબ આપો : (૬)**

૧) અતિચાર અને અનાચારમાં શું ફરક છે ?

**જ:** ૧) વ્રતનો એકાંશે ભંગ અતિચાર અને સર્વાંશે ભંગ અનાચાર કહેવાય છે. એટલે કે પચ્ચક્ખાણ ભૂલી જવાથી કે તેમાં શંકા ઉત્પન્ન થવાથી વ્રતમાં જે દોષ લાગે છે તે અતિચાર છે અને વ્રતને તોડવું તે અનાચાર છે.

૨) ઉપભોગ અને પરિભોગમાં શું ફરક છે ?

**જ:** ૨) જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય છે તે ઉપભોગ કહેવાય જેમ કે અનાજ, પાણી, હવા વગેરે. જે વારંવાર વાપરી શકાય તેવા પદાર્થને પરિભોગ કહેવાય, જેમ કે વસ્ત્ર, આભૂષણ, શય્યા વગેરે.

૩) મોટી ચોરી અને નાની ચોરીમાં શું ફરક છે ?

**જ:** ૩) પૂછ્યા વિના કોઈની એવી ચીજ લેવી કે જેનાથી તેને દુઃખ થાય, લોકનિંદા થાય, રાજદંડ મળે, તેને મોટી ચોરી કહે છે. ચોરીની ભાવના વગર પોતાના ઉપયોગ માટે આજ્ઞા વિના કાગળ, પેન્સિલ જેવી સામાન્ય કે તુચ્છ વસ્તુ લેવી તે નાની ચોરી કહે છે.

૪) દેવસિય, રાઈસી, પક્ખી અને ચૌમાસીપક્ખી પ્રતિક્રમણની સંખ્યા લખો.

**જ:** ૪) ૩૩૫, ૩૬૦, ૨૧, ૩

**પ્ર.:૨ આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૫**

૧) ભગવાન મહાવીર શેનાથી ભય પામતા નહોતા ? કોની જેમ ? **(૨)**

**જ:** ૧) ભગવાન ઉપસર્ગો - પરિષહોથી ભય પામતા નહોતા. જેમ યુધ્ધમાં આગળ રહીને યુધ્ધ કરનાર વીરયોધ્ધો (ઢાલરૂપી કવચધારી) શત્રુઓથી કે તેમના દ્વારા ફેંકાતાં શસ્ત્રો આદિથી ભય પામતો નથી તેમ ભગવાન ઉપસર્ગ પરીષહથી ભય પામતા નહોતા.

૨) ભગવાન કયા દોષો રહિત આહારની ગવેષણા કરતા હતા ? **(૧)**

**જ:** ૨) ઉદ્દગમ, ઉત્પાદન અને એષણાના દોષ રહિત

૩) ભગવાન અકષાયી હતા તેમ શા પરથી કહેવાય ? **(૨)**

**જ:** ૩) ભગવાન શબ્દ, રૂપ આદિ ઇન્દ્રિયોના અનુકુળ વિષયોમાં રાગ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ ન કરતાં ધ્યાનમાં મગ્ન રહેતા હતા, તે સૂચિત કરે છે કે ભગવાન અકષાયી હતા.

**પ્ર.: ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : (છમાંથી કોઈ પણ પાંચ) ૧૦**

૧) સાધુના ત્રણ મનોરથ લખો. તેનાથી શું લાભ થાય ?

**જ:** ૧) સાધુના ૩ મનોરથ : ૧) ક્યારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ ? ૨) ક્યારે હું એકલવિહારી પ્રતિમાનો સ્વીકાર કરીશ ? ૩) ક્યારે હું જીવનના અંતે આહાર અને કષાયના ત્યાગરૂપ સંલેખનાની આરાધના કરી, આહાર - પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સંથારો કરી, મૃત્યુની ઇચ્છા કર્યા વિના વિચરીશ ? તેનાથી નિર્ગ્રંથ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા થાય છે.

૨) શ્રમણ ભગવાન મહાવીરના કેટલા શિષ્યો ચૌદપૂર્વધર હતા ? તે કેવા હતા ?

**જ:** ૨) ૩૦૦ શિષ્યો - તે જિન નહિ પણ જિન સરીખા અર્થાત અસર્વજ્ઞ હોવા છતાં સંપૂર્ણ સંશયોનું છેદન કરવાવાળા તીર્થંકર સમાન, સર્વ અક્ષર સન્નિપાતિ, જિન ભગવાન સમાન અવિતથ વ્યાખ્યાન (યથાતથ્ય વચનનો પ્રયોગ કરવાવાળા) આપનાર હતા.

૩) કઈ વયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય ?

**જ:** ૩) ૧) પ્રથમ વય : બાલ્યાવસ્થા (૮ થ ૩૦ વર્ષ) ૨) મધ્યમ વય : યુવાવસ્થા (૩૦ થી ૬૦ વર્ષ), ૩) અંતિમ વય : ૬૦ પછીની - આ ત્રણે વયમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

૪) દેવ કયા સ્થાનની ઇચ્છા કરે છે ?

**જ:** ૪) ૧) મનુષ્યભવ ૨) આર્યક્ષેત્રમાં જન્મ ૩) શ્રેષ્ઠ (ઉત્તમ) કુળની પ્રાપ્તિ

૫) કયા ત્રણ પ્રકારે દેવ પશ્ચાતાપ કરે છે ?

**જ:** ૫) ૧) અહો ! મેં શારીરિક બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ અથવા ઉપદ્રવરહિત સુકાળમાં આચાર્ય અને ઉપાધ્યાનનો સંયોગ મળવા છતાં તથા નિરોગી શરીર હોવા છતાં પણ ઘણાં સૂત્રોનું અધિક અધ્યયન કર્યું નહિ. ૨) અહો ! મેં આ લોકસંબંધી વિષયભોગોની તૃષ્ણાથી, પરલોકથી વિમુખ થઈને, દીર્ઘકાળ સુધી શ્રમણધર્મનું પાલન કર્યું નહિ. ૩) અહો ! લાંબા કાળ સુધી મેં ઋધ્ધિ, રસ અને શાતા ગૌરવથી યુકત થઈ, કામભોગોમાં ગૃધ્ધ થઈને વિશુધ્ધ ચારિત્ર પાલન કર્યું નહિ.

૬) ગોળ પર્વત કેટલા ? કયા કયા ?

**જ:** ૬) ૧) માનુષોત્તર પર્વત ૨) કુંડલવર પર્વત ૩) રુચકવર પર્વત

**પ્ર.: ૪ શ્રી જ્ઞાતા ધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

**ક) ખાલી જગ્યા પૂરો : (૩)**

૧) ધન્ય સાર્થવાહ પોતાના કુટુંબમાં ઘણા કાર્યોમાં .......... સમાન માર્ગદર્શક હતા.

**જ:** ૧) ધન્ય સાર્થવાહ પોતાના કુટુંબમાં ઘણા કાર્યોમાં ચક્ષુ સમાન માર્ગદર્શક હતા.

૨) વિજય ચોર .......... ની સમાન માંસભક્ષી હતો.

**જ:** ૨) વિજય ચોર ગીધ ની સમાન માંસભક્ષી હતો.

૩) તને આ વિપુલ આહારમાંથી .......... કંઈ નહિ આપું.

**જ:** ૩) તને આ વિપુલ આહારમાંથી સંવિભાગ કંઈ નહિ આપું.

૪) ભદ્રાએ .......... થી .......... અને .......... પ્રતિમાનું પ્રમાર્જન કર્યું.

**જ:** ૪) ભદ્રાએ મોરપીંછ થી નાગ અને વૈશ્રમણ પ્રતિમાનું પ્રમાર્જન કર્યું.

**ખ)** ૧) કેવા સાધુની દશા વિજય ચોર જેવી થાય છે ? **(૨)**

**જ:** ૧) જે સાધુ દીક્ષા અંગીકાર કરીને વિપુલ ધન, મણિ, મોતી, સોનું અને રત્નો આદિ વિપુલ વૈભવમાં લુબ્ધ થાય તેની દશા વિજયચોર જેવી થાય છે.

૨) જિનવાણીથી સંતુષ્ટ થઈને જિતશત્રુ રાજાએ શેનો સ્વીકાર કર્યો ? **(૨)**

**જ:** ૨) જિનવાણીથી સંતુષ્ટ થઈને જિતશત્રુ રાજાએ સુબુધ્ધિ પ્રધાનને કહ્યું, ''હું જિનવાણી પર શ્રધ્ધા કરું છું યાવત્ તમે જેમ કરો છો તેમ જ છે. માટે હું પણ પાંચ અણુવ્રત ૭ શિક્ષાવ્રતરૂપ ૧૨ વ્રતનો શ્રાવકધર્મ સ્વીકાર કરું છું'' આમ કહી ૧૨ વ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

૩) જિતશત્રુરાજાએ અને સુબુદ્ધિ પ્રધાને દીક્ષા લઈને શું કર્યું ? **(૨)**

**જ:** ૩) બંનેએ ૧૧ અંગસૂત્રોનું અધ્યયન કર્યું. ઘણાં વર્ષો સુધી સંયમનું પાલન કરી, ૧ માસનો સંથારો સંલેખના સહિત, સમાધિપૂર્વક સિધ્ધિ પ્રાપ્ત કરી લીધી.

૪) સુબુદ્ધિ પ્રધાન કેવા હતા ? તેઓ કેવું જીવન જીવવા લાગ્યા ? **(૧)**

**જ:** ૪) શ્રમણોપાસક બની ગયા, જીવ અજીવ તત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધુ શ્રમણ નિર્ગ્રંથોને પ્રાસુકએષણિક દાન દેતા, ધાર્મિકજીવન જીવવા લાગ્યા.

**પ્ર.: ૫ ક) શ્રી ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો :** **૧૫**

૧) **(૬)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) ''તે કાળે તે સમયે'' એટલે શું ? | - | અવસર્પિણી કાળન ચોથા આરે |
| ૨) એક વ્રજ એટલે શું ? | - | ૧૦ હજાર ગાય |
| ૩) હાથીનાં સાત અંગ કયાં છે ? | - | ૪ પગ, સૂંઢ, પૂંછડી અને લિંગ |
| ૪) શકેન્દ્ર કેટલામા દેવલોકના અધિપતિ છે ? | - | પહેલા સુધર્મા દેવલોકના |
| ૫) શકેન્દ્ર મહારાજને કેટલા સામાનિક દેવો અને કેટલા લોકપાલો છે ? | - | ૮૪૦૦૦ સામાનિક દેવો અને ચાર લોકપાલો. |
| ૬) દેવનાં આભૂષણો અને શરીરની કાંતિ કેવી હતી ? | - | દશે દિશાઓને પ્રકાશિત કરી રહી હતી. |

૨) હાથીરૂપે આવી દેવે કામદેવ શ્રાવકને કેવી રીતે ધમકાવ્યા ? **(૨)**

**જ:** ૨) "હે કામદેવ ! જો તું તારા શ્રાવકવ્રતોનો ભંગ કરશે નહિ તો હું તને સૂંઢથી ઉપાડીને પૌષધશાળાની બહાર લઈ જઈશ અને આકાશમાં ઊંચેથી ફેંકી દઈશ. જ્યારે તું આકાશેથી નીચે પડીશ ત્યારે મારા તીક્ષ્ણ હાથી દાંત પર ઝીલી અને ભૂમિ પર પછાડી દઈશ. મારા ભારે પગ નીચે ત્રણ વાર કચડી નાંખીશ, જેથી તું આર્ત્તધ્યાન કરતો અકાળે જ મૃત્યુ પામીશ."

૩) દેવ કામદેવ શ્રાવકની ક્ષમા કેવી રીતે માંગી ? **(૨)**

**જ:** ૩) દેવે ક્ષમા માંગતા કહ્યું, "હે દેવાનુપ્રિય ! મેં આપને જે ઉપસર્ગો આપ્યા તે અપરાધ માટે ક્ષમા કરો. આપ ક્ષમાવાન છો, હું ક્ષમાની ભાવના રાખું છું." આવાં અનેક વચનો બોલતા બોલતાં તે દેવ કામદેવને હાથ જોડીને પગમાં પડી ગયો અને વારંવાર ક્ષમાયાચના કરી.

**ખ) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ લખો :**

૧) સારણકુમારનો અધિકાર અંતગડ સૂત્રમાં કયાં આવે છે ? **(૧)**

**જ:** ૧) વર્ગ – ૩, અધ્યયન – ૭

૨) અનીકસેનની કેટલી પત્ની હતી ? કેવી હતી ? **(૨)**

**જ:** ૨) ૩૨ પત્ની, સમાન વય, સમાન ત્વચા, સમાન લાવણ્ય, રૂપ, યૌવન, તેમજ સુશીલતા આદિ ગુણોથી યુક્ત હતી.

૩) અનીકસેનનું પાલન કેટલી ધાવમાતાએ કોની જેમ કર્યુ ? કઈ કઈ ? **(૨)**

**જ:** ૩) પાંચ ધાવમાતા ૧) ક્ષીરધાત્રી, ૨) સજ્જન ધાત્રી, ૩) મંડનધાત્રી, ૪) ક્રીડાધાત્રી, ૫) અંકધાત્રી

– દૃઢપ્રતિજ્ઞની જેમ પાલન કરતી.

**પ્ર.:૬ શ્રી અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો :** **૫**

૧) ધન્ના અણગાર કેવી રીતે આહાર કરતા હતા ? **(૨)**

**જ:** ૧) મૂર્ચ્છા રહિત, રાગદ્વેષથી રહિત, જેવી રીતે સાપ બીલમાં પ્રવેશ કરે તે પ્રમાણે ભયત્વ રહિત આહાર કરતા હતા.

૨) ધન્ના અણગારની પગની આંગળીઓ તપના પ્રભાવે કેવી થઈ ગઈ હતી ? **(૨)**

**જ:** ૨) તુવેરની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવામાં આવી હોય અને કરમાઈ ગઈ હોય તેવી સુકાઈને લોહી માંસરહિત બની ગઈ હતી.

૩) ધન્ના અણગારના હાડકાંઓ કોની જેમ કેવો અવાજ કરતા હતા ? **(૧)**

**જ:** ૩) કોલસાથી ભરેલી ગાડીની જેમ ચાલતી વખતે તેમના હાડકાંઓ ખડખડ અવાજ કરતા હતા.

**પ્ર.:૭ દશવૈકાલિક સૂત્રની કડી પર્ણ કરો :** **(૮) ૧૫**

**અ)** ૧) સે દિવ્વં .......... જાવજ્જીવાએ

**જ:** ૧) સે દિવ્વં વા માણુસં વા તિરિક્ખજોણિયં વા, નેવ સયં મેહુણં સેવિજ્જા, નેવન્નેહિં મેહુણં સેવાવિજ્જા, મેહુણં સેવંતિ વિ અન્ને ન સમણુદાણિજ્જા, જાવજ્જીવાએ

૨) જેસિં .......... જાય.

**જ:** ૨) જેસિં કેસિં ચ પાણાણં અભિકદંતં, પડિકકં તં, સંકુચિયં, પસારિયં રુયં ભેતં તસિયં પલાઈયં આગઇ ગઈ વિન્નાયા જેય કીડપયંગા જાય.

**બ) નીચેના શબ્દોના અર્થ લખો :** **(૩)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ન આવીલાવિજ્જા | – | નિચોવડાવે નહિ |
| ૨) | ન આલિહિજ્જા | – | સચેત પૃથ્વી પર લખે નહિ |
| ૩) | ન તુયટિજ્જા | – | ન સૂવે |
| ૪) | ચેબરન્નેણ વા | – | કપડાંના પાલવથી |
| ૫) | બંધબીયા | – | જેના બીજ સ્કંધમાં હોય છે – જેમકે વડ, પીપળા વગેરે |
| ૬) | પીઢગંસિવા | – | બાજોઠ પર |

**ક) અર્થ પરથી મૂળ પાઠ લખો : (કોઈ પણ ચાર)** **(૪)**

| | | | જવાબ |
|---|---|---|---|
| ૧) | છિન્નભિન્ન કરાવે નહિ | – | ન ભિંદાવિજ્જા |
| ૨) | પાણીથી ભીનાં વસ્ત્રો | – | ઉદઉલ્લં વા વત્થં |
| ૩) | સમ્યક્ પ્રકારે પ્રરૂપણા કરી | – | પવેઇયા |
| ૪) | દીવાની જ્યોતથી અગ્નિને | – | અચ્ચિંવા |
| ૫) | પાંદડા આવવાની અવસ્થાવાળી વનસ્પતિ પર | – | જાએસુ વા |
| ૬) | પોતાના શરીરને | – | અપ્પણો કાયં |

**પ્ર. : ૮ ભગવતી સૂત્રના આધારે જવાબ લખો :** **૧૦**

૧) ચાર પ્રકારના સંસાર સંસ્થાનકાળ કયા ? અલ્પબહુત્વ લખો. **(૩)**

**જ: ૧) ચાર પ્રકારે સંસાર સંસ્થાનકાળ : ૧) નૈરયિક સંસાર સંસ્થાનકાળ ૨) તિર્યંચ સંસાર સંસ્થાનકાળ ૩) મનુષ્ય સંસાર સંસ્થાનકાળ ૪) દેવ સંસાર સંસ્થાનકાળ**
સર્વથી થોડો મનુષ્ય સંસાર સંસ્થાનકાળ, તેથી નારકી સંસાર સંસ્થાનકાળ અસં. ગુણો, તેથી દેવ સંસાર સંસ્થાનકાળ અસં. ગુણો તેથી તિર્યંચ સંસાર સંસ્થાનકાળ અનંતગુણો.

૨) મિશ્રકાળ લખો. **(૩)**

**જ: ૨) મિશ્રકાળ :– તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંત ભવોનો તે કાળ તે જીવની દૃષ્ટિથી તે ગતિનો મિશ્રકાળ છે.**
ઉદાહરણ : ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા. તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી ઓછામાં ઓછો ૧ કે તેથી વધુ (પણ બધાં નહિ) નારકી હોય તે મિશ્રકાળ

૩) સંયમ ઇહભવિક છે ? શા માટે ? **(૩)**

**જ: ૩) સંયમ ઇહભવિક છે પણ પરભવિક કે તદુભય ભવિક નથી. જીવે આ ભવમાં સંયમ લીધો હોય તે જ સંયમ લઈને બીજા ભવમાં જતો નથી કારણ કે ગ્રહણ કરેલો સંયમ જીવતાં સુધી જ હોય છે. વળી અહીં અલ્પ અંશે ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય, ત્યારે ત્યાં વિરતિનો તદ્દન અભાવ હોવાથી સંયમનો પણ અભાવ છે. તેમ જ સંપૂર્ણ સંયમ પાળવાથી મોક્ષગતિ જ થઈ હોય, ત્યારે તે ગતિમાં સંયમ અસંભવ છે. કારણ કે સંયમ અંગીકાર કર્મના ક્ષય માટે છે. મોક્ષમાં સંયમનું કોઈ પ્રયોજન નથી.**

૪) મનુષ્યમાં કયો કાળ થોડો અને કયો કાળ વધારે છે ? **(૧)**

**જ: ૪) મનુષ્યમાં સર્વથી થોડો અશૂન્યકાળ, તેથી મિશ્રકાળ અનંતગુણો, તેથી શૂન્યકાળ અનંતગુણો છે.**

**પ્ર. : ૯ પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો :** **૧૦**

**અ)** નીચેના બોલમાંથી એક સમયમાં ઉત્કૃષ્ટ કેટલા જીવ સિધ્ધ થાય તે લખો. **(૩)**

| | | | જવાબ |
|---|---|---|---|
| ૧) | નદી | – | ૩ |
| ૨) | ઉત્સર્પિણીનો ત્રીજો આરો | – | ૧૦૮ |
| ૩) | સ્વયંબુદ્ધ | – | ૪ |
| ૪) | ગ્રહની દેવી | – | ૨૦ |
| ૫) | સ્વલિંગે | – | ૧૦૮ |
| ૬) | અપડિવાઈ | – | ૪ |

**બ) નીચેના બોલમાંથી એક સમયમાં જઘન્ય કેટલા જીવ સિધ્ધ થાય તે લખો. (૨)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧) સ્ત્રી તીર્થંકર | – | ૨ |
| ૨) એક સમય સુધી પ્રતિસમય નિરંતર સિદ્ધ થાય તો | – | ૧૦૩ |
| ૩) પંડગવન | – | ૧ |
| ૪) ચોથી નરક | – | ૧ |

**ક) અવગાહના દ્વાર લખો. (૨)**

**જ:**

| | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| અવગાહના દ્વાર :- | ૧) જઘન્ય અવગાહનાવાળા (૨ હાથ) | ૧ | ૪ |
| | ૨) મધ્યમ અવગાહનાવાળા (૭ હાથ) | ૧ | ૧૦૮ |
| | ૩) ઉત્કૃષ્ટ અવગાહનાવાળા (૫૦૦ ધનુષ્ય) | ૧ | ૨ |

**ડ) ૨૫૬ રાશિના સાત ઢગલામાંથી ચોથો બોલ અને તેનો અલ્પબહુત્વ લખો. (૨)**

**જ:** ચોથો બોલ : સમુદ્ઘાત કરવાવાળા – ૮ ઢગલા – સમુદ્ઘાત ન કરવાવાળાના ૨૪૮ ઢગલા સર્વથી થોડા : સમુદ્ઘાત કરવાવાળા – ૮ , તેથી સમુદ્ઘાત ન કરવાવાળાના (૨૪૪) સંખ્યાતગુણા (૩૧ ગુણા)

**ઇ) સંપૂર્ણ જીવરાશિ કેટલી ? ૨૫૬ રાશિનો અધિકાર કયાં આવે છે ? (૧)**

**જ:** અનંતાનંત, પન્નવણા સૂત્ર ૫દ – ૩

**પ્ર.: ૧૦** ૧) સમવાયાંગ સૂત્રના પ્રથમ સમવાયના પહેલા બે સૂત્રોમાં શેનું વર્ણન છે. **(૧) ૫**

**જ:** ૧) ભગવાન મહાવીર સ્વામી દ્વારા રચિત દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરી છે અને પછી ૧૨ આગમો ના નામ છે.

૨) પરદેશી રાજાને શેની તાલાવેલી હતી ? પ્રશ્નોત્તર બાદ રાજા કેવો બની ગયો ? **(૧)**

**જ:** ૨) આત્મશોધની તાલાવેલી, અરમણીય માંથી રમણીય, અધાર્મિકમાંથી ધાર્મિક, નાસ્તિકમાંથી આસ્તિક

૩) સંતસમાગમથી શું લાભ થાય ? **(૧)**

**જ:** ૩) ખૂનીને પણ સમભાવી બનાવી દેવલોક અપાવી શકે છે, એક જ ભવમાં પરમાત્મા બનાવી શકે છે.

૪) રાયપસેણીય સૂત્રની ગાથા કેટલી છે ? રાયપસેણીય કયા અંગનું ઉપાંગ છે ? **(૧)**

**જ:** ૪) ૨૦૭૮ ગાથા. સૂયગડાંગ સૂત્રનું

૫) ચિત્તસારથીએ રાજા અને શ્રમણનું મિલન કેવી રીતે કરાવ્યું ? **(૧)**

**જ:** ૫) ભક્તિ અને ચાલાકીથી

|| જય જિનેન્દ્ર ||